Research Guru Volume-11 Issue-1 (June-2017) (ISSN:2349-266X)
PP-88 To 92

# ઐતિહાસિક સાહિત્યમાં ગ્રામ્યતા, આયોજન અને રચના

ડૉ. કનૈયાલાલ ર.નાયક
મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય – સાદરા
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

માનવજીવનની શરૂઆત જ મનુષ્ય એક બીજા સાથે રહેવાની શરૂઆત કરી હતી. તે સમયથી સમૂહ ભાવના માનવમા વિકસી હતી. પરંતુ સમૂહના વિચારથી સમૂહમાં રહેવાની શરૂઆત મધ્યપાષાણ કાળમાં થઈ હતી. આ સમયમા માનવનું જીવન અર્ધભટકતું હતું. કદાજ ગ્રામ્યની વિભાવનાનો ત્યારે વિકાસ થયો હશે. આગળ વધતા નવપાષાણ કાળમાં એ જીવનમાં સ્થિર થવા લાગ્યો ત્યારથી ચોક્કસ રીતે કહી શકાય કે, ગ્રામ્યજીવનની શરૂઆત થઈ હશે. કૃષિ અને પશુપાલન સાથે સ્થાયી જીવન અને પોતાના કબીલા અથવા તો સમૂહમાં રહેવાની વિભાવના ગ્રામ્ય સંસ્કૃતિના ઉદ્ભવનો કારણ બની. ભારતમાં ગ્રામ સંસ્કૃતિનો ઉદ્ભવ પણ આ સમયમા જ જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં ગામ એક મહત્વનું અંગ છે. ગામનો ઉદ્ભવ અને વિકાસ કુદરતી હોવા છતાં ગામને નગરની નાની એવી પ્રતિકૃતિ માનવામાં આવે છે. નગરથી નાનું એકમ એટલે ગામ. ગ્રામજીવનમાં કુદરતનો ભાગ મહત્વનો છે. કોઈપણ ગામનો વિસ્તાર તથા આકાર સ્થાનિક, ભૌગોલિક પરિસ્થિતિ તથા ગામની સામાજિક પરિસ્થિતિ પર આધાર રાખતો જોવામાં આવ્યો છે. ઇતિહાસ જાણવા માટેના સાહિત્યિક સાધનોમાં ગામ વિશેના અનેક ઉલ્લેખો જોવા મળે છે. પ્રાચીન વૈદિક સાહિત્યમાં ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ પછી એના બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદ અને આરણ્યક ગ્રંથોમાં ગામનો કેટલાક ઉલ્લેખ છે. બૌદ્ધ અને જૈન ગ્રંથોમા પણ ગામ વિશેના ઉલ્લેખો કરવામા આવ્યા છે. એના પછી સંસ્કૃત, પ્રાકૃત અને પાલી ભાષાના ધર્મેત્તર સાહિત્યમાં પણ ગ્રામ્યસંસ્કૃતિની ઝલક જોવા મળે છે. એવા ઉલ્લેખોથી તત્કાલીન ગ્રામ્ય સંસ્કૃતિની સ્થિતિ અને તેના વિકાસ વિશે ચૌક્કસ રીતે જાણી શકાય છે. એવા કેટલાક ઉલ્લેખો નીચે મુજબ છે.

## ગ્રામ વિશેના સાહિત્યિક ઉલ્લેખોઃ

પ્રાચીન ભારતીય સાહિત્યમાં બ્રાહ્મણ ધર્મના સાહિત્યમાં, જૈન તથા બૌદ્ધ સાહિત્યમાં અને અન્ય ધર્મેત્તર સાહિત્યમાં ગામ વિશે કેટલાક ઉલ્લેખો જોવા મળે છે જેનાથી ભારતમાં

ગ્રામ્યતાની પ્રાચીનતા વિશે જાણી શકાય. વૈદિક સાહિત્યમાં ઋગ્વેદ, અથર્વવેદ તથા યજુર્વેદમાં ગ્રામ શબ્દ કુટુંબોનાં સમૂહ માટે તેમજ નાની વસાહત ભૂમિ એમ બંને માટે વપરાય છે. આ વેદોમાં ગ્રામ સાથે મહાગ્રામનો પણ ઉલ્લેખ જોવા મળે છે. ઋગ્વેદ અને ઉત્તરકાલીન વૈદિક સાહિત્યમાં તત્કાલીન ગામ વિશે વર્ણનો આવે છે. આ સાહિત્યમાં અનેકવાર ઉલ્લેખ પામતો શબ્દ પુર છે. ગામની આજુબાજુ પુરવણી કરી રક્ષણ માટે જે ભેખડો જેવું દિવાલો જેવું ઉભું કરાતું તે પુર. આમ વૈદિક યુગમાં ગ્રામ, મહાગ્રામ, પુર અને વૈદિક સાહિત્યનાં છેવટનાં ભાગમાં નગરનો ઉલ્લેખ મળે છે. મૌર્યકાલીન ઇતિહાસ જાણવાના પ્રમુખ સાધનના રૂપમાં સંસ્કૃત ભાષામાં ચંદ્રગુપ્ત મૌર્યના મહામંત્રી કૌટિલ્યના રાજકારણ વિશેના જાણીતા ગ્રંથ અર્થશાસ્ત્રમાં પણ ગામના વિભિન્ન નામોના ઉલ્લેખ થયા છે. અર્થશાસ્ત્રના જનપદ નિવેશ પ્રકરણમાં ગ્રામ સ્થાનિય, દ્રોણમુખ, ખાર્વટિક અને સંગ્રહણ નામના પ્રકારોનો ઉલ્લેખ થયો છે. એનાથી મૌર્યકાલમાં ઉત્તર ભારતમાં ગ્રામ્ય સંસ્કૃતિ વિશે પર્યાપ્ત માહિતી પ્રાપ્ત થાય છે.

બૌદ્ધ સાહિત્યમાં ઉલ્લેખિત ગ્રામક અને ગ્રામ શબ્દો અનુક્રમે નાના ગામ અને સામાન્ય ગામ માટે વપરાતા હતા. ત્રિપિટક સાહિત્યમાં ઘોષ, ગામ, નિગમ, પુર અને નગરનાં અનેક ઉલ્લેખ મળે છે. ઉત્તરાધ્યયનનાં બીજા અધ્યાયમાં ગ્રામ, નગર, નિગમ અને રાયહાણી કહેતા રાજધાની એવા ચાર પ્રકારોનો ઉલ્લેખ છે. આચારાંગ સૂત્રમાં ગામ, નગર, ખેડ, કબ્બડ, મંડબ, પટ્ટણ, દ્રોણમુખ, આકર, આશ્રમ, સંન્નિવેશ, નૈગમન, રાજધાની એવા બાર પ્રકારો જણાય છે. અપારજિત પૃચ્છા ના સૂત્રાંક 69થી 73 સુધીમાં તથા 76માં સૂત્રમાં વિવિધ નિવેશો અને તેના નામો વગેરેની માહિતી આપી છે. તેમાં તેના 73માં પુર લક્ષણ અધ્યાયમાં ફૂટ, ખેટ અને ગ્રામની વ્યાખ્યાયો આપવામાં આવેલી છે. પાણિનીના અષ્ટાધ્યાયીમાં વસાહતનાં પ્રકાર તરીકે (1) નગર, (2) ગ્રામ, (3) ઘોષ, (4) ખેટ ના ઉલ્લેખો છે. પાણિનીના સમય દરમ્યાન ગામોની સરહદ તેમની કુદરતી કિલ્લેબંધી જેવી કે, જંગલ, ઝાડી, નદી અથવા ટેકરી દ્વારા નક્કી થતી.

રાજાભોજે સમરાંગણ સૂત્રધાર માં મનુષ્યો માટે વિવિધ બાંધકામ કરનાર માટે લખેલ ગ્રંથ છે. તેના અઢારમાં અધ્યાયને નાગરાદિ સંજ્ઞા નામ આપ્યું છે. તેમાં નગરની નામાવલી આપેલી છે. અઢારમાં અધ્યાયના પ્રથમ છ શ્લોકમાં નિવેશોનું વર્ણન છે. તેનો સારાંશ જોતા તેમાં જે નગરમાં રાજા રહે તે રાજધાની કહેવાય અને બીજા નગરો શાખા નગર તરીકે ઓળખાતા. નગર કરતાં નાની વસ્તીને કર્વટ કહેવામાં આવતું. કર્વટ જેવું પરંતુ તેનાં કરતા ઓછી વસ્તીવાળું સ્થાન નિગમ કહેવાતું, નિગમથી નાનું ગામ અને ગ્રામથી નાનું ગ્રામકલ્પ

હતું. માનસર નામના વાસ્તુશાસ્ત્રના ગ્રંથમાં ગ્રામલક્ષણ અને નગરલક્ષણ વિશે વિસ્તારથી આપવામાં આવેલ છે. માનસરમાં ગ્રામના આઠ પ્રકાર આપવામાં આવેલ છે. દંડક, સર્વતોભરૂ, નંધ્યાવર્ત, પદમક, સ્વસ્તિક, પ્રસ્તર, કામુક અને ચતુર્મુખ. વાત્સાયન કામસૂત્રમાં નગર, પતન અને ખર્વટ એમ ત્રણ પ્રકારનાં ઉલ્લેખો છે. બ્રહ્માંડપુરાણમાં ખેટ, પૂરક અને ગ્રામોનો ઉલ્લેખ છે.

આથી પ્રાચીન ભારતીય સાહિત્યમાં ગ્રામ વિશેના ઉલ્લેખોથી સ્પષ્ટ થાય છે કે, અલગ-અલગ સમયમાં ગ્રામ વિશેની કેટલીક જુદી-જુદી વિભાવનાઓ હતી અને એ ગામ વિશેના વિવિધ નામોથી જાણી શકાય છે. વસાહતના પ્રકાર અને એના વિકાસથી ગામ અને નગર વિશે નક્કી કરવામાં આવતુ હતું. નાની વસાહતોમાં વસવાટ કરતી વસ્તી છૂટી છવાઈ રહેતી હતી. આ સમયમાં ગામની અંદર સામુહિક વસવાટનું મહત્વ સવિશેષ હોવાનું દેખાય છે. કોઈ પણ ગામનો વિસ્તાર તથા આકાર સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિ તથા ગામની સામાજિક પરિસ્થિતિ ઉપર આધાર રાખતો હતો. એવી રીતેના અનેક ઉલ્લેખો પ્રાચીન સાહિત્યમાં જોવા મળે છે.

## ગ્રામ્ય આયોજન અને રચના

ગામનો આયોજન એ ગામની વિભાવનાનો સૌથી મહત્વનો પાયો હતો. કોઈપણ વિસ્તારને ક્યારે ગામ અથવા તો નગર કહેવાય છે. એના આયોજન અને રચના ઉપર આધારિત હોય છે. પ્રાચીનકાળમાં ગ્રામવ્યવસ્થાના આયોજન અંગે વિભિન્ન સાહિત્યિક ગ્રંથોમાં કેટલીક માહિતી મળે છે. ગામનો આકાર, એની વસાહત, વસ્તીનો પ્રકાર વગેરે બાબતો ગામના આયોજન માટે મહત્વના હતા. એનાથી જ ગામની ઓળખ ઉભી થતી હતી. આયોજનની નજરે વિચાર કરતાં તેમ વપરાતી રેખા અને આકૃતિઓની હકીકતો દેખાય છે. તેમાં ચોરસ, લંબચોરસ, અષ્ટકોણ, ગોળ અને લંબગોળ આકૃતિઓનું મહત્વ અંકાતુ દેખાય છે અને ત્રિકોણનું મહત્વ પ્રમાણમાં ઓછું દેખાય છે. જૈન બૃહત કલ્પસૂત્ર ભાષ્ય એ પ્રાચીન ભારતીય ગામો અને તેમનાં આયોજન વિશે ઘણી માહિતી પૂરી પાડે છે. આ ગ્રંથમાં ગામોના કેટલાક પ્રકારો ગણાવ્યા છે. અર્થશાસ્ત્ર અને માર્કન્ડેય પુરાણ પ્રમાણે જાતિ વર્ણાધિવાસ, આકાર અને માર્ગોના આયોજનની દૃષ્ટિએ વિવિધ પ્રકારનાં ગામો હતા. આ બંને ગ્રંથો પ્રમાણે ગામમાં ખેતી કરનાર શુદ્રોની જ વસ્તી હતી, ત્રિપિટક અને જૈન આગમ ઉપરથી એમ લાગે છે કે, જુદા-

જુદા ધંધાવાળી જાતિઓમાં જુદા-જુદા ગ્રામો ઈ.સ. પૂર્વેના ચોથા, પાંચમાં અને છઠ્ઠા સૈકામાં રચાતા હશે પણ પછીનાં કાળમાં દરેક ગ્રામોમાં અનેક ધંધાવાળી જાતિઓ રહેતી.

આકાર, માર્ગ, આયોજન, વર્ણાધિવાસ અને મંદિર આયોજનની દૃષ્ટિએ પ્રાચીન વાસ્તુશાસ્ત્રના ગ્રંથ માનસારમાં ગામના આઠ પ્રકાર દર્શાવ્યા છે. દંડક, સર્વતોભદ્ર, નંધાવર્ત, પદમક, સ્વસ્તિક, પ્રસ્તાર, કાર્મુક અને ચતુર્મુખ. મય મુનિ ગામ આયોજન માત્ર માર્ગ આયોજનની દૃષ્ટિએ કરે છે. તેમના મત પ્રમાણે ગામના ભેદો આ પ્રમાણે છે - દંડક, સ્વસ્તિક, પ્રસ્તાર, પ્રકિર્ણક, નંધાવર્ત, પરાગ, પદમક અને શ્રીપતિસ્થિત. માનસાર અને મય મુનીએ ગણાવેલા ગામના સામાન્ય પ્રકારો ઉપરાંત બીજા ચાર પ્રકારો ઉમેરીને કામિકાગમ ગામના વર્ણોની સંખ્યા 15 જણાવે છે. કામિકાગમ પ્રમાણેના ગામના આ ચાર પ્રકારો આ પ્રમાણે છે - સંપત્કર, કુંભક, શ્રીવસ્ત અને વૈદિક ગામ. ગામનું કદ વધતાં તેમાં રહેઠાણનાં મકાનોના બાંધકામો ભૌગોલિક પરિબળોને લીધે વિવિધ પ્રકારે વધતા જતાં દેખાય છે. તેથી ગામના આકાર પર તેની અસર પડે છે. નાનું એક ફળિયાનું સપાટ પ્રદેશમાં વસેલું ગામ મોટે ભાગે લંબચોરસ ઘાટ ધરાવતું થાય છે. તે જ રીતે નદીકાંઠાની સપાટ ભેખડ પર વસેલા ગામનો આકાર લંબચોરસ દેખાય છે. ગામોના આયોજનમાં જળાશયોનું મહત્વ ઘણું છે. નદીકાંઠાની માફક તળાવો પર જ્યારે ગામનો વસવાટ થાય ત્યારે તળાવના ઘાટ, તેના આકાર પર પણ ગામના આકારનો આધાર હોય છે. તેથી ગામના રસ્તા સીધા હોવા છતાં તેના તળાવ તરફનાં ભાગમાં વળાંકો દેખાય છે.

સામાન્ય રીતે ગામની રચનામાં વાહન વ્યવહાર માટેના માર્ગોની રચના વધુ સ્પષ્ટ હોય છે. માર્ગની બંને બાજુએ વસ્તી હોય છે. ગામનો મુખ્યમાર્ગ ગામની મધ્યમાં નિકળતો હોય ત્યારે સપાટ પ્રદેશમાં તે ગામના મુખ્યમાર્ગની બંને બાજુએ આવેલા મકાનો, વાડા ઇત્યાદીની પાછળ પણ માર્ગો તૈયાર થાય છે. અને એ રીતે હારબંધ મકાનોવાળા ગામના ઓછામાં ઓછા ત્રણ માર્ગો હોવાની શક્યતા રહે છે.

કુટુંબના કોઈ મૂળ પુરૂષે જે તે સ્થળે આવાસ બાંધ્યા હોય અને કાળક્રમે કુટુંબ અને પિતરાઈઓ વધતા આખું ગામ તૈયાર થવાની વાતો આપણા અનેક ગામોમાં પ્રચલિત હોઈ ગામોનાં ક્રમશઃ વિકાસની દિશાનું સૂચન કરે છે. સામાન્ય રીતે કોઈ પણ ગામ એવી રીતે બને અને વિકસે છે. પ્રાચીનકાળમાં પણ ગામોનું સૃજન અને વિકાસ એવી રીતે જ થયો હતો. જેમ-જેમ સમય આગળ વધતો ગયો તેમ-તેમ સગવડોમાં વૃદ્ધિ જોવા મળે છે તેમ છતાં ગામની જે

મુખ્ય વિશેષતા હતી કે, તે વધારે પ્રાકૃતિક હતા અને પ્રકૃતિ પ્રદત્ત વસ્તુઓ પર વધારે નિર્ભર હતા, આ વિશેષતા કાયમ રહી અને ગામો પ્રકૃતિના સૌથી વધારે નજીક થતા ગયા.

ઉપરાંત સ્થળાંતરો દ્વારા પણ નિવેશોનાં વિકાસની ઘણી હકીકતો જોવા મળે છે. તેમાં ખાસકરીને રાજ્યાશ્રિત કુદરતી આપત્તિથી થતાં, વસતી વધતા થતા અને, વ્યાપાર ઉદ્યોગ માટે થતા સ્થળાંતરો મહત્વનાં છે. આવા સ્થળાંતરો સામૂહિક હોય ત્યારે આવા વસવાટોથી વસતાં ગામોમાં ઘણીવાર એક જાતનાં કે જુદી-જુદી જાતનાં અનેક પ્રદેશમાંથી આવતાં લોકો બીજા પ્રદેશમાં વસતા જોવામાં આવે છે. આવા ગામોમાં ફળિયા, મહોલ્લા, પોળ, કિલ્લા જેવા વિવિધ વસવાટના સ્થાનો આવે છે.

ગ્રામ્યતા વિશે કેટલાક પ્રાચીન ભારતીય સાહિત્યમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે એનાથી આ સમયમાં કેવી રીતે ગ્રામ્ય સંસ્કૃતિનો ઉદ્ભવ થયો અને એન વિકાસ અંગેની માહિતી મળી આવે છે. બ્રાહ્મણ ધર્મ સાહિત્ય, જૈનધર્મ સાહિત્ય અને બૌદ્ધધર્મના સાહિત્યના સાથે-સાથે અધાર્મિક સાહિત્યમાં પણ પુષ્કળ પ્રમાણમાં ગામ વિશેના ઉલ્લેખો છે. ગામના નામો, એના પ્રકારો, વસાહતના આધારે એના વિભિન્ન વિભાજનો, એના આયોજન પ્રમાણે એના વિભિન્ન પ્રકારો, એની રચનાની રીતો અને એ રીતો ઉપર આધારિત એના વિભિન્ન પ્રકારો વિશે આ સાધનોમાં પર્યાપ્ત માહિતી મળે છે. પ્રાચીન કાળની વિભિન્ન શહરી સભ્યતાઓ પછી જે ગ્રામ્ય સભ્યતાનો ઉદય થયો એ ભારતમાં માનવસમાજના વિકાસના ઇતિહાસ માટે મહત્વની બાબત હતી અને એના જ અભ્યાસથી એ ચૌક્કસ રીતે જાણી શકીએ કે, માણસ આ આધુનિક યુગને કેવી રીતે જુએ છે અને અહીં સુધી પહોંચવા માટે માનવે કેટલાક પ્રયાસો કર્યા હતા. આ પ્રયાસોને ઐતિહાસિક સંદર્ભમાં જ સાચી અને સારી રીતે જોઈ શકીએ છીએ. વર્તમાનમાં જ્યારે ગામની વિશેષતાઓ ગણાવી ત્યારે એ જ પ્રાકૃતિક નિર્ભરતાની વિશેષતા સૌથી આગળ રહે છે અને એના આધારે જ ગામનું અસ્તિત્વ નક્કી કરવામાં આવે છે.

PP-88 To 92

## સંદર્ભગ્રંથ સૂચી

(1) શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, કડીપ્રાંત સર્વસંગ્રહ, વડોદરા.

(2)ચાણસ્મા જૈનસંઘ પ્રકાશિત શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનાલય સાર્ધ્ય શતાબ્દી સ્મારકગ્રંથ.

(3)શ્રી નવીનચંદ્ર આચાર્ય ગુજરાતનો સોલંકી કાલીન ઇતિહાસ અમદાવાદ.

(4)શ્રી રમણલાલ ના. મહેતા, ચાણસ્મા, ઐતિહાસિક રૂપરેખા, આનર્ત, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(5)શ્રી રમણલાલ ના. મહેતા, ભારતીય વસવાટ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(6)શ્રી રસિકલાલ છો. પરીખ અને શ્રી હરિપ્રસાદ ગં. શાસ્ત્રી (સંપા.) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-1 થી 9, અમદાવાદ.